**<u>વાદીની કામચલાઉ મનાઈહુકમ મળવા અંગેની આંક–પ ની અરજી લગત હુકમ</u>**

(૧) વાદીની આંક–પ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી લગતનો હાલનો હુકમ કરેલ હોય માટે અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરેલ નથી. પ્રતીવાદી નં.૧ થી ૧૦ પક્ષે આંક–૧૧ થી વાંધા જવાબ રજુ રાખેલ છે અને તે મુજબ જ હાલની અરજી લગત મૌખીક રજુઆત કરેલ છે. પ્રતીવાદી નં.૧૧ નાઓએ આંક–૧૯ થી વાંધા જવાબ રજુ રાખેલ છે પરંતુ સી.પી.સી. ઓર્ડર–૬ ,રુલ–૧૫(૪) મુજબ દાવા જવાબ સાથે સોગંધનામુ રજુ કરેલ ન હોય સદર જવાબ ધ્યાને લીધેલ નથી તેમજ ત્યારબાદ પ્રતીવાદી નં .૧૧ જાતે કે વકીલ મારફત કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી માટે તેમના તરફે કોઈ રજુઆત નથી. વાદી પક્ષે આંક–૧૪ થી ૧૭ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે જે વંચાણે લીધેલ છે. વાદી પક્ષે માર્ક ૪/૧ થી ૪/૧૨ સુધીના રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લીધા. બન્ને પક્ષની મૌખીક રજુઆત સાંભળી.

(૨) કામચલાઉ મનાઈ અરજીના નીર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

| ક્રમ | મુદા | નિર્ણય |
|---|---|---|
| ૧ | શું વાદી નો પ્રથમદર્શનીય કેસ છે? | હકારમા |
| ૨ | શું સગવડ–અગવડની સમતુલા વાદીની તરફેણમા છે ? | હકારમા |
| ૩ | શું વાદીને માંગ્યા મુજબ વચગાળાનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે? | હકારમા |
| ૪ | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

## –::મુદા નં. ૧ થી ૩ ના નિર્ણયના કારણો::–

(૩) ઉપરોકત ત્રણેય મુદાનો નિર્ણય કરતા પહેલા એ નોંધવુ જરુરી છે કે કામચલાઉ મનાઈ હુકમની દાદ એ સમન્યાય પ્રકારની દાદ હોવાથી વાદી હકની રૂએ આ દાદ માંગી શકે નહી. કામચલાઉ મનાઈ હુકમની દાદ મંજુર કરવી કે કેમ

તે ગુણદોશના આધારે અદાલતની વિવેક બુધ્ધીની સત્તાને આધીન છે. સદર સિધ્ધાંત લક્ષમા રાખી ઉપરોકત મુદાઓની ચર્ચા કરીએ તો સૌપ્રથમ વાદીના પક્ષ નીવેદન તથા દસ્તાવેજી પુરાવા આધારે પ્રથમ દર્શનીય કેસ હોવાનુ વાદીએ અદાલત સમક્ષ સ્થાપીત કરવુ પડે. વાદીના કેસ મુજબ માંગરોળના ખાતા નં. ૩૧૩ ના સર્વે નં. ૧૧૪૨ /૨ હે.આરે.ચોમી. ૦–૧૨–૧૪ નો કબ્જો વાદીઓ તથા પ્રતીવાદીનં.૧૧ નો છે જેમા પ્રતીવાદી નં. ૧ થી ૧૦ અડચણ અવરોધ કરી કબ્જો પડાવી લેવા પ્રયત્નો કરતા હોય કામચલાઉ મનાઈ હુકમની માં ગણી કરેલ છે. વાદીએ રજુ કરેલ માર્ક ૪/૧ થી ૪/૩ સુધીના તકરારી સર્વે નંબરના ગામ નમુના નં. ૮(અ) , ૭ તથા ૧૨ ધ્યાને લઈએ તો તેમા કબ્જેદાર તરીકે આ કામના પાંચેય વાદી તથા પ્રતીવાદીનં.૧૧ સુલેમાન આહમદભાઈ જેઠવાનુ નામ દર્શાવેલ છે. માર્ક ૪/૪ થી વાદીએ રજુ કરેલ ગામ નમુના નં. ૬ હકપત્રકની નોંધ નં. ૫૦૪૩ જે માર્ચ ૧૯૮૪ મા પ્રમાણીત થયેલ છે તે ધ્યાને લેતા આ કામના પ્રતીવાદીનં. ૧ થી ૧૦ ના ગુજ.માતા મરીયમબેન ડો/ઓ ઈબ્રાહીમભાઈ નાઓએ તકરારી સર્વે નંબર ઉપરાંત અન્ય સર્વે નં બરોમાથી પોતાનો હક ઉઠાવી લીધેલ હોવાની નોધં હોવાનુ જણાય આવે છે. સદર માર્ક ૪/૪ વાળી નોંધ નં. ૫૦૪૩ ને આ કામના પ્રતીવાદી નં. ૧ થી ૧૦ નાઓએ કે તેમના માતાએ પડકારેલ હોય તેવી કોઈ પ્રતીવાદી પક્ષે રજુઆત નથી. પ્રતીવાદી નં. ૧ થી ૧૦ ની તકરારનો મુખ્ય મુદો એ છે કે તેઓ દવારા આ કામના વાદીઓ વિરુધ્ધ માંગરોળની અદાલતમા રે.દી.મુ.નં. ૧૬/૨૦૨૨ થી મુસ્લીમ પર્સનલ લો મુજબ મીલ્કતોના એડમીનીસ્ટ્ર ેશન માટે દાવો દાખલ કરેલ છે તે દાવામા વાદીઓ એટલે કે આ કામના પ્રતીવાદી નં. ૧ થી ૧૦ નાઓએ હાલના દાવાના તકરારી સર્વે નં.૧૧૪૨/૨ મા પોતાનો કબ્જો હોવાનુ પક્ષનીવેદનમા દર્શાવેલ છે. જેને આ કામના વાદીઓ દવારા રે.દી.મુ.નં. ૧૬/૨૦૨૨ મા પ્રતીવાદી તરીકે વળતો દાવો કરી પડકારેલ નથી પરંતુ હાલનો દાવો ખોટી હકીકતો ઉભી કરી દાખલ કરેલ છે તેવી રજુઆત કરેલ છે. પરંતુ પ્રતીવાદી નં. ૧ થી ૧૦ ની સદર રજુઆત વાદીઓએ હાલનો દાવો અલગથી દાખલ કરેલ છે તેટલા માત્ર કારણથી ગ્રાહય રાખવાપાત્ર જણાતી નથી. પ્રતીવાદી નં. ૧ થી ૧૦ તકરારી સર્વે નંબર તેઓના કબ્જામા હોવાનુ પોતાના દાવા જવાબ તથા મૌખીક રજુઆતમા જણાવે છે પરંતુ તે બાબતનો કોઈ પ્રથમદર્શનીય પુરાવો પ્રતીવાદી નં. ૧ થી ૧૦ રજુ કરતા નથી. તેથી વિરુધ્ધ આ કામના વાદીઓ દવારા તકરારી સર્વે નંબરનુ રેવેન્યુ રેકર્ડ રજુ કરેલ છે જેમા કબ્જેદારા તરીકે તમામ વાદીઓ તથા પ્રતીવાદી નં.૧૧ નુ નામ દર્શાવેલ છેતેમજ વાદીએ રજુ કરેલ માર્ક ૪/૪ વાળી

રેવેન્યુ નોધ નં. ૫૦૪૩ થી પ્રતીવાદી નં. ૧ થી ૧૦ ની માતા ગુજ.મરીયમબેન નાઓનો હક કમી થયેલ હોવાનો પ્રથમદર્શનીય પુરાવો રજુ કરેલ છે. તેવા સંજોગોમા પ્રતીવાદી નં. ૧ થી ૧૦ ની. પક્ષનીવેદન માની કથનો તથા સુનાવણી સમયની મૌખીક રજુઆત આધારે વાદીના દસ્તાવેજી પુરાવાને નજરઅંદાજ કરી શકાય નહી. પ્રતીવાદી નં. ૧ થી ૧૦ ના માતા વર્ષ ૨૦૨૧ મા અવસાન પામેલ છે તેમણે પોતાની હયાતી દારમીયાન આ કામના વાદીઓના ટાઈટલ કબ્જાને પડકારેલ હોય તેવી કોઈ રજુઆત કરવામા આવેલ નથી. વર્ષ ૧૯૮૪ મા માર્ક ૪/૪ થી રજુ થયેલ નોંધ પ્રમાણીત થઈ ગયેલ છે, રેવેન્યુ રેકર્ડમા હાલ વાદીઓ તથા પ્રતીવાદી નં.૧૧ નુ નામ સંયુકત રીતે કબ્જેદાર તરીકે હોવાનુ સ્પષ્ટપણે જણાઈ આવે છે તેમજ માર્ક ૪/૧૧ તથા ૪/૧૨ થી ખાતા નં. ૩૧૩ ની જમીન મહેસુલની પાવતીઓ રજુ કરેલ છે. તેથી વિરુધ્ધ પ્રતીવાદી નં. ૧ થી ૧૦ નાઓએ પોતાના ટાઈટલ કે તકરારી સર્વે નંબરના કબ્જા સબંધે એકપણ દસ્તાવેજી પુરાવો કે આજુબાજુની વ્યકિતઓના સોગંધનામાઓ રજુ રાખેલ નથી તેવા સંજોગોમા વાદી પક્ષે આંક–૨૨ થી રજુ રાખેલ લેખીત દલીલો ગ્રાહય રાખવા પાત્ર જણાય છે તેમજ તેમા ચર્ચા કરેલ નામ.વડી અદાલતોના વિવિધ ચુકાદાઓ ધ્યાને લેતા વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવામ સફળ રહેલ છે તેવુ મારુ માનવુ છે. પ્રતીવાદી નં. ૧ થી ૧૦ તકરારી ખેતીની જમીનમા ઉપયોગ, ઉપભોગ કરતા વાદીઓને અટકાયત કરે કે વાદીઓના કબ્જામા અડચણ, અવરોધ કરે તો વાદીઓને ખેતી કામમા અંતરાય ઉભો થવાના કારણે નુકશાન થાય તેમ જણાતુ હોય નાણામા ભરપાઈ ન થઈ શકે તેવા પરીબળ પણ વાદીની તરફેણમા હોવાનુ જણાઈ આવે છે. વાદીએ તકરારી સર્વે નંબરના રેવેન્યુ રેકર્ડ આધારે પ્રથમદર્શનીય રીતે પોતાનો ટાઈટલ તથા કબ્જાનો પ્રાથમીક પુરાવો રજુ કરેલ છે અને તેથી વિરુધ્ધ પ્રતીવાદી નં. ૧ થી ૧૦ આવો એકપણ દસ્તાવેજી પુરાવો રજુ કરી શકેલ નથી તેવા સંજોગોમા સગવડ અગવડની સમતુલાનુ પરીબળ પણ વાદીની તરફેણમા હોવાનુ જણાઈ આવે છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા કારણોસર મુદા નં. ૧ થી ૩ નો ઉતર હકારમા ઠરાવી મુદા નં. ૪ લગત નીચે મુજબનો હુકમ કરુ છુ.

**–:: હુકમ ::–**

(૧) વાદીની આંક–૫ ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતીવાદી નં. ૧ થી ૧૦ ના કે તેમના નોકર, એજન્ટો તેમના માણસો, તેમના તરફથી કોઈપણ વ્યકિત વાદીઓને કોઈપણ પ્રકારની અડચણ , અવરોધ કે અટકાયત કરવી

નહી તેવો પ્રતીવાદી નં. ૧ થી ૧૦ વિરુધ્ધ દાવાના આખરી નીકાલ થતા સુધી અથવા આ કામે અન્ય હુકમ ન થાય ત્યા સુધી કામ ચલાઉ મનાઈ હુકમ ફરમાવવામા આવે છે.

(૩) આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

ઉપર મુજબનો હુકમ આજરોજ તા.૧૮ મી માહે માર્ચ, સને–૨૦૨૫ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :– માંગરોળ.

તારીખઃ ૧૮–૦૩–૨૦૨૫.

(ચંગીઝ મસવર રાઠોડ)
મુખ્ય સિવિલ જજ,
માંગરોળ.

**JUDGE CODE NO.GJ-01238**